# ધર્મશાળાના રહીશો માટેના નીયમો.

(૧) રહીશોએ સફાઇ, સુઘડાઇ, સલાહ સંપ અને સભ્યતા તથા સારી વર્તણુંક સાથ ધર્મશાળામાં રહેવું, મારામારી યા ગાળગળોચ કરવી નહી, અપશબ્દો બોલવા નહી, નશો ચઢે એવી ચીજ લઇને છાંકટા થવું નહી, કોઇબી પાસે ભીક્ષા માંગવી નહી, કોઇનાં કામમાં હરકત કરવી નહી, કોઈ કામ કરતું હોય તો તેને કામ નહી કરવા ઉશ્કેરવું નહી, ભણતર વખતે શાંતી જાળવવી અને ત્યાંથી વારંવાર જવ આવ કરવી નહી. રાત્રે ૯ વાગા બાદ કોઈને પણ હરકત કરવી નહી યા થાય એમ વર્તવું નહી, વીગેરે સર્વે સારી વર્તણુંક રાખવી, કે જેથી પોતાને તેમજ બીજાને હરકત થાય નહી, એજ મીસાલે ધર્મશાળાની બાહેર પણ વર્તવું.

(૨) ખાણા માટે નીચેલા વખત સુમારે રાખવામાં આવ્યો છે :-

| | | | |
|---|---|---|---|
| ચાહ નાસ્તો સવારે | ૬-૩૦ : | ભોણું બપોરે | ૧૨-૩૦ |
| ચાહ બપોરે | ૩-૦૦ : | ભોણું સાંજે | ૬-૩૦ |

હંમેશાં ઉપલે વખતે રહીશોએ ખાણાં માટે હાજર રહેવું. જે કશાં યોગ્ય કારણને લીધે (કે જે કારણ મેનેજરને કહેવામાં આવે) કોઈ ખાણાં માટે ઉપલા વખતે હાજર ન હોય તો નેમેલા વખતથી અર્ધો કલાક તેની ચાહ યા ખાણું રાખવામાં આવશે, તે પછી તે ઢાંકી રાખવામાં આવશે નહી, સીવાય કે કાંઇ વેળા ધર્મશાળાના કામને સબબે રહીશને બાહર મોકલવામાં આવ્યો હોય.

(૩) દરેક રહીશે સાંજે ૯ વાગા સુધીમાં ધર્મશાળામાં આવી જવું. એ પછી આવનારે મેનેજરની બાહેર જવા આગાઉ પરવાનગી મેળવવી, કોઇપણ સંજોગોમાં ૧૧) વાગાથી મોડું કરવું નહી.

(૪) જે કોઈ ઘટતા સબબસર એક આખી રાત બીજે ઠેકાણે કાઢવી પડે તો તે વીષે મેનેજરની પરવાનગી લઈ જવું જે એકથી વધારે રાત તેમ ગેરહાજર રહેવું હોય તો સેક્રેટરીની પરવાનગી આગળથી વખતસર લેવી.

(૫) જે કોઈ રહીશને ઉડતો રોગ યા ગંભીર બીમારી લાગુ પડે તો તુરંત મેનેજરને તથા ડોકટરને જણાવવું અને ડોકટર જેમ ફરમાવે તેમ કરવું, અથવા કોઈ હોસ્પીટલમાં મોકલે તો ત્યાં જવું.

(૬) કોઈ રહીશ પોતના પૈસા અથવા કિમતી ચીજ મેનેજરને સોંપશે તો તેવણ તે સંભાળી રાખશે, તેમજ જો હોસ્પીટલમાં જતાં યા બીજા કારણસર લાંબી ગેરહાજરી પર જતાં પોતાના કપડાં વીગેરે સામાન મેનેજરને દેખાડી પોતાની પેટીમાં બંધ કરી રસીદ લઈ ચાવી દઈ તે મેનેજરને સોંપશે તો તેવણ તે સંભાળી રાખશે.

(૭) દીવસના ટાઈમમાં કોઈ પણ રહીશે બહાર જવું હોય તો ઓરડામાં જે ચોપડી રાખી છે તેમાં પોતાનું નામ, ક્યાં જાય છે, ક્યારે પાછા ફરશે વીગેરે લખીને જવું. જો તેમ લખી નહી શકાય તો મેનેજર પાસે લખાવીને જવું.

(૮) રહીશોનું મન પરોવાય અને તેમને સારૂં લાગે એવી પ્રવૃતીઓ ટ્રસ્ટી સાહેબો હાથ ધરે તેમાં દરેક રહીશે સહકાર આપવો અને કોઈ તેમ કરતા હોય તેને નહી કરવા માટે ઉશ્કેરવાં નહી.

(૯) દરેક રહીશ ધર્મશાળામાં ટ્રસ્ટી સાહેબોની પરવાનગીથી રહેશે અને જ્યારે પણ ટ્રસ્ટી સાહેબોને ઘટના સબબસર લાગે કે રહીશની પરવાનગી ખેંચી લેવાથી ખાતાનો તથા બીજા રહીશોનો લાભ જળવાયો છે તો તેમ કરવાને ટ્રસ્ટી સાહેબો મુખત્યાર છે અને કંઈ પણ કારણો જણાવ્યા વગર ટ્રસ્ટી સાહેબો રહીશ યા રહીશોને ધર્મશાળા છોડી જવા કહેવા મુખત્યાર છે અને તે માટે કશી પણ નોટીસ આપવામાં આવશે નહી.

(૧૦) કોઈ પણ રહીશે વોર્ડબોય, આયા કે કોઈ પણ નોકરને બક્ષિસ આપવી નહી. જો કોઈ માંગે તો તેનો તુરંત રીપોર્ટ કરવો.

(૧૧) કોઈબી રહીશે પોતાની કબાટમાં ખાવાનું કે ગંદકી થાય યા વાસ આવે એવી ચીજો રાખવી નહી.

(૧૨) કોઈબી રહીશને ધર્મશાળામાં જે કાંઈ કામ આપવામાં આવે તે તેઓએ ખુશીથી કરવું.

---

## કબુલ્યાત.

ધર્મશાળાનાં રહીશોને લગતા ઉપર લખેલા કાયદા મેં વાંચ્યા છે (મને વાંચી સંભળાવવામાં આવ્યા છે) અને તે મુજબ ચાલવાને હું કબુલ થાઉ છું. ફક્ત ટ્રસ્ટી સાહેબોની પરવાનગીથી હું ધર્મશાળામાં રહીશ અને જ્યારે પણ તેઓ તે પરવાનગી ખેંચી લઈ મને ધર્મશાળા છોડી જવા ફરમાવશે ત્યારે ચોવીસ કલાકની અંદર હું કંઈ પણ તકરાર વગર ધર્મશાળા છોડી જઈશ. ઉપલા કાનુનો ઉપરાંત ટ્રસ્ટી સાહેબો વખતો વખત જેવા કાનુનો ઘડે તે પ્રમાણે ચાલવા હું કબુલ થાઉ છું.

તા. લી.

---

**મારા ને ટ્રસ્ટી સાહેબો ધર્મશાળામાં દાખલ કરે અને ત્યારબાદ તે સાહેબોને કોઈપણ કારણસર એમ લાગે કે તેમને ધર્મશાળામાં વધુવાર રાખી શકતા નથી તો આ લખી હું બધાઉ છું કે હું તુરંત તેઓને ધર્મશાળામાંથી મારે ઘરે લઈ જઈશ યા બીજી કોઈપણ ધર્મશાળાની બહાર ગોઠવણ કરીશ.**

**તા.**

## મરહુમ શેઠ ફરદુનજી સોરાબજી પારખવાળી મુંબઈની પારસી પંચાયતના ટ્રસ્ટી સાહેબો હસ્તકની ધર્મશાળામાં દાખલ

**(પત્રમાં માંગેલી વીગત સંપુર્ણ ભરવી અને તે ભરવા પહેલાં સાથે જોડેલો સુચનાપત્ર બારીકીથી વાંચી જવો. જો કાંઈ વીગત ખોટી યા અધુરી માલમ**

| | આખું નામ | ઉમર વરસ | શું ધંધો કરે છે અને ક્યાં | માસિક આવક રૂ. |
|---|---|---|---|---|
| ૧. અરજદારનું | | | | |
| ૨. ધણી યા ધણીઆણીનું | | | | |
| ૩. અરજદારના વાલી યા પાલણ કરનારનું | | | | |

૪. ધર્મશાળામાં દાખલ થવાનો સબબ....

૫. કેટલી મુદત સુધી ધર્મશાળામાં રહે ઈચ્છો છો ....

૬. અરજદાર કુંવારા, પરણેલાં યા રંડાયલા છે ?....

વિધવા હોય તો કેટલા વખતથી ? ...... માસ થયાં / વરસ

| | નામ | ઉમર વરસ | શું કરે છે અને ક્યાં | સાથે છે યા જુદા | માસિક આવક રૂ. | માસિક કેટલી મદદ કરે છે |
|---|---|---|---|---|---|---|
| ૭. અરજદારના છોકરા | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| ૭(અ) છોકરી | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

| | આખાં નામ | ઉમર વરસ | શું કરે છે અને ક્યાં | અરજદાર સાથે સગાઈ | માસિક આવક રૂ. | કેટલી મદદ કરે છે |
|---|---|---|---|---|---|---|
| ૭(બ) અરજદાર **સાથે રહેતાં બીજાં** સગાંઓનાં.. | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

| ૮. પોતા યા કોઈ કુટુંબી માટે આગળ આ ખાતાનો લાભ લીધો હોય તો .... | કોને માટે ? | શા સારૂ | ક્યારે | કેટલી મુદ્દત માટે | માસિક રૂ. |
|---|---|---|---|---|---|
| | | | | | |

| ૯. **બીજાં ધર્મખાતાં, ખાનગી આસામીઓ યા ખેશીઓ** તરફથી પોતાને, છોકરાને યા સાથે રહેતાં સગાંને મદદ મળતી હોય તો (મદદ માટે અરજી કીધી હોય તો) | કોને માટે ? | મદદ આપનાર શખ્સ યા ખાતાનું નામ | મદદની રકમ યા જાત |
|---|---|---|---|
| | | | |
| | | | |

૧૦. અરજદાર, તેમના ખાર્વીંદ યા બાપની **મિલકત, પ્રોવીડંટ ફંડ, ગ્રેજ્યુઈટી પેન્શન,** યા વ્યાજ જેવી બીજી કાંઈ આવક હોય તો કેટલી ? .... માસિક રૂ.

૧૧. અરજદારનો યા (તેમના ખાર્વીંદનો) વીમો હોય તો કેટલાનો ? ....રૂ. નો. વાર્ષીક પ્રીમીયમની રકમ રૂ.

૧૨. અરજદારનું રહેવાનું ઠેકાણું

૧૨(અ) ઘરવાલાનું નામ

૧૩. કેટલી જગા વાપરે છે ? ઓરડા અને રાંધણી,

૧૪. અરજદાર અને કુટુંબીઓની કુલ માસિક આવક રૂ.

૧૫. અરજદાર અને કુટુંબીઓનું માસિક ભાડું રૂ.

૧૬. અરજદાર સાથે રહેતા કુલ આદમી ...

૧૭. અરજદારે ધર્મશાળામાં દાખલ થવા અરજ કરવાનું કારણ ...

૧૮. અરજદાર બેકાર હોય તો (અ) કેટલા વખતથી (બ) આગળ શું કરતા હતા, (ક) માસિક આવક શું હતી, (ડ) નોકરી ખોહવાનું કારણ, (ઈ) કામ કરવા રાજી હોય તો શું કામ (ફ) શું શીખેલા છો તે સર્વ વીગત આપવી.

(અ) થી (બ)

(ક) રૂ. (ડ)

(ઈ) (ફ)

૧૯. હાલે ગુજરાન કેમ ચાલે છે ?

ઉ. ૧.

થવા માટેની અરજીનો પત્રક. (ર. નં. જ. નં. ) **ધર્મશાળામાં દાખલ થવા માટે.**

પડશે તો અરજદારને ઉપલાં ફંડનો લાભ મળશે નહી.) પત્રક લાવવની તા. - - ૨૦ .

૨૦. અરજદારના અતલગના યા કોઈ બીજા હૈયાત ખેશીનું નામ અને ઠેકાણું :-

૨૧. **અરજદાર બીમાર યા અશક્ત હોય તો નીચલી વીગત ભરવી.**

શી બીમારી યા અશક્તિ છે - કેટલો વખતથી ? -

કોની દવા કરે છે ? કેટલો વખતથી ? -

અરજદાર પાસ જે પુંજી હોય તે જણાવવી

૨૨. હું પ્રતિજ્ઞા પુર્વક જણાવું છું કે આ પત્રમાં આપેલી સઘળી વિગત તદ્દન સાચી છે. ધર્મશાળાનાં રહીશોને લગતા કાયદા મેં વાંચ્યા છે (મને વાંચી સંભળાવવામાં આવ્યા છે) અને જો મને ટ્રસ્ટી સાહેબો ધર્મશાળામાં દાખલ કરે તો તે મુજબ ચાલવાને હું બંધાઉં છું. ફક્ત ટ્રસ્ટી સાહેબોની પરવાનગીથી હું ધર્મશાળામાં રહીશ અને જ્યારે પણ તેઓ તે પરવાનગી ખેંચી લઈ મને ધર્મશાળા છોડી જવા ફરમાવે ત્યારે ચોવીસ કલાકની અંદર કાંઈ પણ તકરાર વગર હું ધર્મશાળા છોડી જઈશ. જો મારી સામે તેઓને કાંઈ કાયદાપુર્વક પગલાં ભરવાની જરૂર પડે તો કોર્ટ ફીની આકણી સારૂં મારૂં ધર્મશાળામાં રહેવાનું વાર્ષીક ભાડું (લવાજમ) રૂ. ૫ ગણવું.

**અરજદારની સહી** ____________________

૨૨. હું અરજી કરનારને સારી પેઠે ઓળખું છું અને ઉપલી વિગતો વિષે મેં પુરતી તપાસ કરી તેની સચ્ચાઈ વિષે ખાતરી મેળવી છે, તે ઉપરથી હું અરજદારને મદદ લાયક સમજી તે આપવા ભલામણ કરૂં છું.

ભલામણ કરનારની સહી ____________________

ધંધો અને ઠેકાણું ____________________

**ટ્રસ્ટી સાહેબોનો ઠરાવ**

**તા. - - ૨૦ .**

**ધર્મશાળામાં દાખલ થવાની તારીખ....**

અરજદારનું નામ ______________________________ ર.નં.

જ.નં.

૨૦ નો નં.

ધર્મશાળામાં દાખલ થવા માટે